# તક મળે ત્યારે શીખી લેવાની સલાહ આપતા



## સી.પી.વાનાણી

### સોશ્યલ વર્કર

એક સંસ્કૃત ઉક્તિમાં લખાયું છે કે ''સારો નેતા તો હજારોમાં એક મળે.'' સારો નેતા બનવાના ગુણ બધામાં હોતા નથી. એટલે મે ટોળાનો નેતા યોગ્ય હોય તો કોઈપણ અશક્ય કામ, શક્ય કરી શકાય. કેમકે, ટોળામાં તો અદ્દભુત શક્તિ રહેલી હોય છે, જરૂર છે આ શક્તિને યોગ્ય જગ્યાએ ફોકસ કરવાની. આવા જ એક સુયોગ્ય નેતા સુરતની જનતાને મળ્યા છે. સી.પી. વાનાણીના હુલામણા નામે જાણીતા ચંપકભાઈ પરસોત્તમભાઈ વાનાણી મજબૂત નેતાઓ પૈકીના એક છે. મજબૂત નેતા તરીકે તેમને ખાસ યાદ કરવા પડે. કેમકે તેઓ જે સંગઠનમાં હતા ત્યારે તેમણે લીધેલા નિર્ણયથી મોટા વર્ગને ફાયદો થયો હતો. યાદ કરો ૨૦૦૮ની વૈશ્વિક મંદી. એ મંદી સમયે અનેક પરિવારોના માળા વીખરાયા હતા. તે સમયે શ્રી વાનાણી સુરત ડાયમંડ એસોસીએશન સાથે તેઓ સંકળાયેલા હતા, અનેક અગ્રણીઓ સાથે મળીને તેમણે રત્નકલાકારોના પ્રશ્નો ઉકેલ્યા હતા. રત્નકલાકારોના પગારવધારા બાબતે ઘણો વિરોધ પણ નોંધાયો હતો, અંતે બધું ઠામ પડી ગયું હતું. તે સમયે નરેન્દ્રભાઈ મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા. તેમણે એસડીએના (સુરત ડાયમંડ એસોસીએશનના) નિર્ણયની પ્રશંસા કરી, શુભેચ્છા પાઠવી હતી.

કોઈ પણ પ્રકારની કટોકટી હોય સી.પી. તેમની સૂઝબૂઝથી એવો નિર્ણય લે છે જેને અંત બધાને ફાયદો થાય જ છે. તેઓ માને છે કે જીવનમાં કદી સિધ્ધાંતો સાથે સમાધાન કરવું નહિ અને જ્યારે મોટાવર્ગને ધ્યાનમાં રાખીને નિર્ણયો લેવાના હોય ત્યારે તો મનોબળ મજબૂત રાખવું જ રહ્યું.

> **જીવનમાં કદી સિધ્ધાંતો સાથે સમાધાન કરવું નહિ અને જ્યારે મોટાવર્ગને ધ્યાનમાં રાખીને નિર્ણયો લેવાના હોય ત્યારે તો મનોબળ મજબૂત રાખવું જ રહ્યું**

સી.પી. મૂળે સૌરાષ્ટ્રના બોટાદ જિલ્લાના ગઢડા તાલુકાના સુરકા ગામના. પ્રાથમિક શિક્ષણ બાદ પરિવારની આર્થિક પરિસ્થિતિ નબળી હોવાથી તેઓ વધુ ભણી શક્યા નહિ, જેનો અફસોસ એમને આજે પણ છે. એઓ કહે છે, જે હાથમાં ભણવાના ચોપડા હોવા જોઈતા હતા, તે હાથ હીરા ઘસવાના કામમાં લાગી ગયા હતા. એટલે તેઓ આજના યુવાનોને ખાસ કહે છે, તમારી પાસે શિક્ષણ મેળવવાની પૂરતી તક છે, ટેક્નોલોજી છે ત્યારે ચોક્કસ દિશામાં કારકિર્દીનું ઘડતર કરવામાં પાછી પાની કરવી નહિ. કેમકે શિક્ષણ ન મેળવી શકવાને કારણે એમણે જે તકલીફો ભોગવી તે હવે આજનો યુવા શું કામ ભોગવે ? એટલે તો શિક્ષણક્ષેત્રે તેઓ જરૂરી આર્થિક યોગદાન અંગત રીતે પણ આપતા રહે છે.

વધુ જાણવા QR સ્કેન કરો

૧૯૮૦માં તેઓ સુરત આવ્યા હતા. ધીમે ધીમે હીરાના ધંધામાં આગળ વધ્યા અને ૧૯૯૫માં તેમણે મેન્યુફેક્ચરીંગનું કામ પણ શરૂ કરી દીધું હતું. આંતરરાષ્ટ્રીય કક્ષાએ પણ તેઓ હવે વેપાર કરે છે. પહેલી વાર આં.રા. કક્ષાએ વ્યવસાયિક ટ્રીપ માટે તેઓ બેલ્જીયમ ગયા હતા. આ ટ્રીપમાં તેમને ભાષાની ઘણી તકલીફ નડી હતી. પણ હાર માને એ સી.પી. થોડા ? તેમણે તો સુરત પરત ફરી અંગ્રેજીનું શિક્ષણ મેળવ્યું, ઘરાર મેળવ્યું. આજે હવે તેમને આ વિદેશી ભાષા સામે કોઈ તકલીફ નથી. એટલે જ આજના યુવાનોને તક મળે ત્યારે શીખી લેવાની ખાસ સલાહ આપે છે. આટલી અંગત વાત બાદ, સી.પી. વાનાણી જણાવે છે કે, સુરત ડાયમંડ એસોસીએશનની હોસ્પિટલનો પ્રોજેક્ટ એમના માટે ખૂબ અગત્યનો હતો. રત્નકલાકારો ઉપરાંત સમાજના જરૂરિયાતમંદ લોકો માટે આ હોસ્પિટલ શરૂ થાય એ ખૂબ જરૂરી હતું. આજે આ હોસ્પિટલ માતૃશ્રી રામુબા તેજાણી અને માતુશ્રી શાંતાબા વીડિયા હોસ્પિટલ એકદમ આધુનિક રીતે સજ્જ છે. અહીંનો પ્રોફીટ, મોર સર્વિસનાં ફંડાથી કાર્ય ચાલે છે. હવે આ પ્રકારની બીજી હોસ્પિટલ કાર્યરત કરવાની એસડીએની ઈચ્છા છે. સી.પી. જ્યારે સુડા એસોસીએશનના નોર્મર પ્રેસિડન્ટ હતા ત્યારે તેમણે અગ્રણી ડાયમંડ ઉદ્યોગપતિઓની મદદથી સુરત બેઝડ એરલાઈન શરૂ કરાવી હતી. જેમાં એર એમ્બ્યુલન્સનો પણ સમાવેશ થાય છે. આમ, માણસ ધારે તો શું કરી શક્તો ? બસ જરૂર છે યોગ્ય ઘડતરની આંતરિક સૂઝબૂઝની અને મજબૂત મનોબળની.



Excellence is an art won by training and habituation. - Aristotle